# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ–** અત્રેની કચેરીના તા.૧૩.૦૫.૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક જા.નં. નકૃયુ/ રજી / એડીએમ.૩–૩/ RTI ત્રિ.માહિતી/ ૪૭૫૦–૮૯૭/ ૨૦૧૪.

**CCTV CAMERAની મોનીટરીંગ કરવાની જવાબદારી સોંપવા તેમજ માસના અંતે મોનીટરીંગ અંગેનો રીપોર્ટ ન મોકલવા અંગે સ્પષ્ટતા કરવા બાબત...**

## –:: પરિપત્ર ::–

અત્રેની કચેરીના ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રથી યુનિવર્સિટીની જાહેર જગ્યાઓ, વિવિધ કચેરીઓના મુખ્ય ધ્વાર, કેમ્પસના મેઈન ગેટ, ગેસ્ટ હાઉસ, વિદ્યાર્થિઓની હોસ્ટેલો તેમજ કોલેજોના મુખ્ય ધ્વાર / કલાસરૂમો વગેરે જગ્યાઓએ લગાવવામાં આવેલ CCTV CAMERAની મોનીટરીંગ તેમજ કેમેરામાં કેદ થતી લાઈવ મુવમેન્ટ ઓબ્ઝર્વ કરવાની જવાબદારી જેતે કચેરીના અધિકારી / કર્મચારીને સોંપવા દરેક વિભાગને જણાવેલ તેમજ મોનીટરીંગ અંગેનો અહેવાલ ઉકત વંચાણે લીધેલ પરિપત્ર સાથેના સામેલ નિયત પત્રક મુજબ તૈયાર કરી દરેક માસના અંતે અત્રેની કચેરીને અચૂક મોકલવા આજ્ઞાનુંસાર જણાવેલ, પરંતુ આજ દિન સુધી નીચે મુજબના કોલમ નં. ૨ માં દર્શાવેલ ચાર વિભાગો સિવાય અન્ય કોઈપણ કચેરી (CCTV CAMERA લગાવેલ હોય તેવી તમામ કચેરી) તરફથી અહેવાલ અત્રે મોકલેલ નથી. ***માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર અત્રેથી વારંવાર પરિપત્રો કરવા છતાં શા માટે અહેવાલ મોકલવામાં આવેલ નથી તે અંગે દિન–૨ માં સ્પષ્ટતા કરવા જણાવવામાં આવે છે.***

| અ.નં. | મોનીટરીંગ અગેનો અહેવાલ મોકલનાર કચેરી / વિભાગનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૧. | આચાર્યશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી |
| ૨. | ઈ/ચા. પ્રાધ્યાપક અને વડા, ફુડ કવોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી |
| ૩. | પ્રાધ્યાપક અને વડા, વિસ્તરણ શિક્ષણ વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી |
| ૪. | ઈ/ચા. ગ્રંથપાલશ્રી, ન.કૃ.યુ., નવસારી |

વધુમાં જણાવવામાં આવે છે કે, મોનીટરીંગ કરનાર અધિકારી / કર્મચારીએ CCTV CAMERA બંધ હાલતમાં હોય તો તાત્કાલીક નિયંત્રણ અધિકારીને જાણ કરવી તેમજ તેને ચાલુ કરવા અંગેની કાર્યવાહી તાત્કાલીક કરવી તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બને તો ફુટેજનો ઉપયોગ આધાર પુરાવા તરીકે કરવાનો હોય તો તાત્કાલીક ઘટના બન્યા બાદ તેનું રેકોર્ડીંગ લઈ નિયંત્રણ અધિકારીને રીપોર્ટ કરવાનો રહેશે. સદર બાબતનો અમલ માન. કુલપતિશ્રીની આજ્ઞાનુંસાર અચૂક કરવાનો રેહશે.

આ પરિપત્રનો અમલ ચુસ્ત પણે કરવાનો રહેશે તેમજ ઉકત સ્પષ્ટતા ફરજીયાત મોકલવાની રેહશે.

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ CCTV CAMERA/ ૧૦૦૨૯-૯૬ /૨૦૧૪.
નવસારી.
તારીખઃ૩૦/૮/૨૦૧૪. ૦૨/૦૯

ઈ/ચા.કુલસચિવ

**નકલ સવિનય રવાનાઃ–**

***નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ પરિપત્રમાં જણાવ્યા મુજબ દિન – ૨ માં સ્પષ્ટતા મોકલવી તેમજ હવેથી દરેક માસના અંતે મોનીટરીંગ અગેનો અહેવાલ ફરજીયાત મોકલવા સારું.***

**વંચાણે :–** અત્રેની કચેરીના તા.૨૪/૦૪/૨૦૧૨ના પરિપત્ર ક્રમાંક જાન.નકૃયુ/રજી/અ–૩–૩/માહિતી/ ૫૦૬૮/ ૨૦૧૪

**CCTV CAMERAની મોનીટરીંગ કરવાની જવાબદારી સોંપવા તેમજ માસના અંતે મોનીટરીંગ અંગેનો રીપોર્ટ મોકલવા બાબત.**

## –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની તાબા હેઠળની યુનિટ/સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરીના ઉકત વંચાણે લીધેલ તા.૨૪.૦૪.૨૦૧૪ના પરિપત્રથી યુનિવર્સિટીની જાહેર જગ્યાઓ, વિવિધ કચેરીઓના મુખ્ય ધ્વાર, કેમ્પસના મેઈન ગેટ, ગેસ્ટ હાઉસ, વિદ્યાર્થિઓની હોસ્ટેલો તેમજ કોલેજોના મુખ્ય ધ્વાર / કલાસરૂમો વગેરે જગ્યાઓએ લગાવવામાં આવેલ CCTV CAMERAની મોનીટરીંગ કરવાની જવાબદારી કયા–કયા અધિકારી/ કર્મચારીને સોંપવામાં આવેલ છે તેની માહિતી મોકલવા જણાવેલ પરંતુ આજ દિન સુધી ઉકત માહિતી મોટાભાગની કચેરીઓની મળવામાં નથી તેમજ જે કચેરીઓની માહિતી અત્રે મળેલ છે તેમા મોટાભાગની કચેરીઓમાં CCTV CAMERAની મોનીટરીંગ કરવાની જવાબદારી કોઈપણ અધિકારી/ કર્મચારીને સોંપવામાં આવેલ નથી. જે જેતે કચેરીના વડા તેમજ ડિનશ્રીઓ તથા અધિકારીઓની નિષ્કાળજી દર્શાવે છે. CCTV CAMERA લગાવવામાં આવેલ હોય અને મોનીટરીંગ તેમજ બેકઅપ લેવામાં આવતો ન હોય તો CCTV CAMERAનો કોઈ અર્થ રહેતો નથી. માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર દરેક કચેરીના વડાશ્રીઓએ CCTV CAMERAની મોનીટરીંગ કરવાની જવાબદારી જેતે કચેરીના અધિકારી / કર્મચારીને સોંપવી. CCTV CAMERA લગાવવાનો મુળભૂત આશય જે તે સમયે બનેલ ઘટના જેવી કે ચોરી, લુંટફાટ, અનઅધિકૃત વ્યકિતનો કચેરી સમય બાદ પ્રવેશ, યુનિવર્સિટીના નિતીનિયમો વિરૂધ્ધની કોઈપણ જાતની ગતિવિધી જેવી બાબતોનું વિડીયો રેકોડીગ થવાથી કોઈપણ જાતની કાયદાકીય કે નિતિવિષયક બાબતોના અમલ કરવા માટે જરૂરી આધાર પુરાવા તરીકે તેનો ઉપયોગ થઈ શકે તે છે. જેથી મોનીટરીંગ કરનાર અધિકારી કે કર્મચારીએ જયારે પણ કોઈપણ બાબતે CCTV CAMERA ના ફુટેજનો ઉપયોગ આધાર પુરાવા તરીકે કરવાનો હોય તો તાત્કાલીક ઘટના બન્યા બાદ તેનું રેકોડીગ લઈ નિયંત્રણ અધિકારીને રીપોર્ટ કરવાનો રહેશે. સદર બાબતનો અમલ આજ્ઞાનુંસાર અચૂક કરવાનો રહેશે. તેમજ હવેથી દરેક માસના અંતે મોનીટરીંગ અંગેનો અહેવાલ આ સાથે સામેલ પત્રક મુજબ તૈયાર કરી દરેક માસના અંતે અત્રેની કચેરીને અચૂક મોકલવાનો રહેશે.

**વધુમાં સદર માહિતી ફકત regiadm3.3@nau.in પર જ મોકલવી તેમજ હાર્ડ કોપીમાં માહિતી મોકલવી નહી.**

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/માહિતી/ ૫૩૫૦-૯૯/૨૦૧૪.**
**નવસારી.** **તારીખ: ૧૩ /૦૫/૨૦૧૪.**

**કુલસચિવ**

**નકલ સવિનય રવાના:–**
નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ પરિપત્રમાં જણાવ્યા મુજબની માહિતી દરેક માસના અંતે મોકલવા સારું.

# CCTV CAMERAની મોનીટરીંગ અંગેનો અહેવાલ

| કચેરીનું નામ :– | | | |
|---|---|---|---|
| અ.નં. | વિગતો | | મોનીટરીંગનો અહેવાલ |
| ૧. | CCTV CAMERAની મોનીટરીંગ કરનાર અધિકારી / કર્મચારીનું નામ અને હોદ્દો | :– | |
| ૨. | લગાવવામાં આવેલCCTV CAMERAની સંખ્યા | :– | |
| ૩. | લગાવવામાં આવેલCCTV CAMERAની કુલ સંખ્યા પૈકી ચાલુ હાલતમાં કેટલા અને બંધ હાલતમાં કેટલા કેમેરા છે તે ની વિગત | :– | ચાલુ હાલતમાં :<br>બંધ હાલતમાં : ___________<br>કુલ: |
| ૪. | CCTV CAMERAની મોનીટરીંગનો સમય ગાળો | :– | તા. / / થી તા. / / |
| ૫. | CCTV CAMERAનું બેકઅપ લેવામાં આવેલ છે કે કેમ? | :– | હા / ના |
| ૬. | CCTV CAMERAનું બેકઅપ લેવામાં આવેલ ન હોય તો તેના કારણો દર્શાવવા | :– | |
| ૭. | કચેરીમાં કોઈ પણ ઘટના બનેલ હોય તેના ફુટેજના રેકોડીંગ સાથે તાત્કાલીક રીપોર્ટ કરવામાં આવેલ છે તેની સંક્ષિપ્ત માહિતી આપવી | :– | |

કચેરીના વડાની સહી અને સીકકો